ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

શહેરમાં એકાએક વરસાદી ઝાપટાથી સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા

દિવસ દરમિયાન ૮ મી મી વરસાદ વરસ્યો : સિઝનનો કુલ ૫૧૮ મી મી વરસાદ : વરસાદી વાયરા વચ્ચે મહત્તમ તાપમાન પણ ૨.૫ ડીગ્રી નીચે સરકી ગયુ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં વરસાદી મોસમની જમાવટ વચ્ચે આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે બપોરના સમયે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા. જયારે બપોર થતા જ અચાકન જ વરસાદી વાદળો વરસી પડયા હતા. થોડીવારના વરસાદી ઝાપટના અંતે સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા. શહેરમાં મોડી સાંજે પણ વરસાદ છાંટણા નાંખી ગયો હતો. દિવસ દરમિયાન ૮ મી મી વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૧૮ મી મી વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં છેલ્લા બે મહીનાથી વરસાદી મોસમ જામી છે. જયારે જુલાઇના અંત સુધીમાં શહેરમાં સિઝનનો ૬૫ ટકાથી વધુ વરસાદ થઇ ગયો છે. જિલ્લામાં પણ સરેરાશ ૫૦ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જો કે જિલ્લામાં તાલુકાની દ્રષ્ટીએ વરસાદમાં ભારે અસમાનતા જોવા મળે છે. જયારે અન્ય તાલુકાઓની સાપેક્ષમાં કલોલ તાલુકામાં વરસાદ સૌથી ઓછો છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સમાહથી વરસાદી વાદળો ગોરંભાય છે. જો કે મેઘરાજા ધમાકેદાર વરસતા નથી એકબાજુ વાદળિયા વાતાવરણ વચ્ચે સુર્યપ્રકાશની ગેરહાજરી જોવા મળે છે. જયારે બીજીતરફ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. ગઇકાલે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે આજે પણ સવારથી આકાશમાં વરસાદી વાદળોની અવરજવર વચ્ચે મોસમમાં પલ્ટો આવ્યો હતો બપોરના સમયે વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે છાંટા પડવાનુ શરૂ થયુ હતુ જયારે પલવારમાં જ બે ઘડી માટે ધોધમાર વરસાદનુ ઝાપટુ વરસી જતા શહેરના સેકટરોમાં

● અનુસંધાન પાન-૭ પર

વાહકજન્ય રોગચાળા માટે સિવિલ કેમ્પસ જ એ.પી. સેન્ટર બન્યુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું કેમ્પસ જ વાહકજન્ય રોગચાળાનું એ.પી. સેન્ટર બની ઉભરી આવતાં મનપાનું આરોગ્યતંત્ર દોડતુ થયુ છે.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી મેડીકલ કોલેજની હોસ્ટેલ્સમાંથી જ બે દિવસમાં ડેન્ગ્યુના ૧૦ કેસ નોંધાતા તંત્ર દ્વારા તાબડતોબ કામગીરી હાથ ધરવામાં આવી છે.

મેડીકલ કોલેજની હોસ્ટેલમાંથી બે દિવસમાં ૧૦ કેસ કેમ્પસમાં નોંધાયા

વરસાદની બદલાયેલી પેટર્ન અને ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ રહેતા મચ્છરોની ઉત્પત્તિમાં સારી એવી વૃદ્ધિ થઈ છે. શહેરમાં પાણી-ગટર પાઈપલાઈનો નાખ્યા બાદ પૂરણની કામગીરી પણ યોગ્ય રીતે ન થતાં પાણી ભરાઈ રહેવાની તેમજ ભૂવા પડવાની ઘટનાઓ વધી છે.

મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યા વધી જરૂર છે પણ સ્થિતિ નિયંત્રણ હેઠળ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૮૦ જેટલા કેસો નોંધાયા છે.

મનપા આરોગ્યતંત્રએ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ હોસ્ટેલ સંકુલની મુલાકાત લઈ ત્યાં ફોગીંગ, પોરાનાશક કામગીરી શરૂ કરી દીધી છે. તંત્રએ સિવિલ સત્તાવાળાઓ સાથે પણ બેઠક કરી વરસાદી પાણીનો ભરાવો ના થાય તેમજ સ્વચ્છતા સહિતના ઘણા બધા મુદ્દાઓને લઈ નિયમિત કામગીરી થાય તે જોવા જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે શહેરી મેલેરિયાતંત્રએ બે અલગ અલગ તબક્કે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી કરી છે. શહેરમાં ૫૦ થી પણ વધુ એકમોને નોટીસ થમાવવામાં આવી છે. આ ઉપરાંત જે ખાડાઓ છે ત્યાં પણ એન્ટી લાર્વેલની કામગીરી કરી હતી.

બદલાયેલી વરસાદી પેટર્ન પણ વાહકજન્ય રોગચાળા માટે જવાબદાર હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. શહેરમાં હાલ જે રીતે કેસો વધી રહ્યા છે તને લઈ સઘન સર્વેલન્સ કરવા તેમજ વધુમાં વધુ લોકોને સ્ક્રીનીંગતળે આવરી લઈ શંકાસ્પદ દર્દીઓના બ્લડ સેમ્પલ લેવા માટેની સૂચનાઓ આપી છે.

તંત્રએ વાહકજન્ય રોગચાળા માટે શહેરના સંવેદનશીલ વિસ્તારોને અલગ તારવી પણ લીધા છે અને કામગીરીને સઘન બનાવી છે.

મનપાની નબળી કામગીરી સંદર્ભે ચેરમેનનો કમિશનરને પત્ર

સે. ૩-એ-ન્યુ માં પરકોલેટીંગ વેલની સ્થળ પસંદગી અંગે ખુલાસો કરવા માંગ : સે.૨ અને ૩એ-ન્યુએમાં ચેનલીંક ફેન્સીંગની કામગીરી અત્યંત નબળી ગુણવત્તાવાળી છે : જસવંત પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે મ્યુનિ. કમિશનરને વધુ એક પત્ર પાઠવી મનપાના તંત્ર દ્વારા ચાલી રહેલી નબળી કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરી જવાબદાર અધિકારીઓના ખુલાસા માંગવા જણાવ્યુ છે.

ચેરમેન જસવંતભાઈ પટેલે મ્યુનિ. કમિશનરને પાઠવેલા પત્રમાં જણાવ્યુ છે કે સે. ૨ અને ૩ માં વૃક્ષારોપણના કાર્યક્રમ દરમ્યાન સ્થળની મુલાકાત દરમ્યાન આ ક્ષતિઓ ધ્યાને આવી છે.

તેમણે જણાવ્યુ છે કે સે. ૩-એ-ન્યુ માં પરકોલેટીંગ વેલ હાઈટ પર બનાવામાં આવ્યો છે જેથી વરસાદી પાણી જે ભૂગર્ભમાં જવુ જોઈએ તે જતુ જ નથી. લોઅર હાઈટ પર આ વેલ હોવો જોઈએ તે નથી જણાયેલ તેથી આ બાબતે જવાબદાર અધિકારીનો ખુલાસો માંગવામાં આવે તેમ જણાવ્યુ છે.

સે. ૨ અને ૩-એ-ન્યુમાં ચેનલીંક ફેન્સીંગની કામગીરી પણ અત્યંત નબળી ગુણવત્તાવાળી જણાઈ છે. સે. ૨ માં ચેનલીક સાથે ચાલી રહેલ ચણતરની કામગીરી પણ નબળી જણાઈ હોઈ આ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવુ સ્પષ્ટ સૂચવ્યુ છે.

મનપાની ચૂંટાયેલી પાંખ ગુણવત્તાસભર કામગીરી અને નિયત કરાયેલ સમય મર્યાદામાં જ થાય તે જોવા સાથે ગુણવત્તાની બાબતમાં કોઈ બાંધછોડ ચલાવી નહિ લેવાય તેનો પુનરોચ્ચાર કરી લખેલા પત્રએ મનપાના તંત્રમાં સન્નાટો ફેલાવી દીધો છે.

મનપા દ્વારા શહેરમાં વરસાદી પાણીના જળસંચય માટે જુદા જુદા સેક્ટરોમાં બનાવેલા પરકોલેટીંગ વેલની હાઈટ્સને લઈ ગઈ વખતે પણ વિવાદો થયા હતા અને આ વખતે પણ વિવાદો બહાર આવી રહ્યા છે.

નવા સેકટરોમાં પાણી પુરવઠો ઠપ્પ થતાં કકળાટ

સે- ૫ માં ટેકનિકલ ખામી સર્જાતા સે- ૧ થી ૧૩ માં પાણી આવ્યુ નહીં : સવારે વિજ સપ્લાય દરમિયાન ટ્રીપીંગ થતા બ્રેકરમાં ખામી સર્જાતા સમસ્યા ઉદભવી : રવિવારથી રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના નવા સેકટરોમાં આજે ફરી એકવાર પાણીનો સપ્લાય ઠપ્પ થઇ ગયો હતો. સે-૫ માં વિજ ટીપ્રીંગના લીધે આ ઠેકાણે ઇલેકટ્રીક મશીનરી કામ કરતી બંધ થઇ હતી જયારે બ્રેકરમાં ખામી સર્જાતા વિજપ્રવાહ ખોરવાઇ ગયો હતો આ સ્થિતિ વચ્ચે સેકટરની ટાંકીના આધારે નવા સેકટરોમાં પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. નવા સે- ૧ થી ૧૩ માં આજે પાણી પુરવઠો ઠપ્પ થઇ જતા ગૃહીણીઓમાં પણ આકોશ પ્રવર્તયો હતો થોડા સમય અગાઉ પણ ટેકનિકલ ખામીના લીધે ટ્રાન્સફર્મર બળી જતા પાણી પુરવઠો ખોરવાઇ ગયો હતો.

ગાંધીનગર શહેરના નવા સેકટરોમાં આજે ફરી એકવાર પાણી પુરવઠો ઠપ્પ થઇ ગયો હતો. શહેરના નવા સેકટરોમાં હમણાં હમણાં વારંવાર પાણીની સમસ્યા ઉદભવે છે. જો કે પાણી પુરવઠો પુરતો ઉપલબ્ધ છે પરંતુ કોઇના કોઇ રીતે ટેકનિકલ ખામી સર્જાતા પાણીના સપ્લાયનો પ્રશ્ન ઉદભવે છે. થોડા સમય અગાઉ પણ સરિતા વોટર વર્કસ ખાતે ટ્રાન્સફોર્મર બળી ગયુ હતુ જેના લીધે સેકટરોમાં પાણી પુરવઠો સપ્લાય કરવાની મુશ્કેલી ઉભી થઇ હતી જો કે બે ત્રણ દિવસના અંતે આખરે નવુ ટ્રાન્સફર્મર નાંખવામાં આવ્યા બાદ પાણીનો સપ્લાય રાબેતા મુજબ શરૂ થયો હતો. જયારે અગાઉ પણ ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પુરતો સપ્લાય ન આપવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી અલબત્ત બોર્ડ દ્વારા તંત્રને પુરતો સપ્લાય ન અપાતા ગરમીના દિવસોમાં એકબાજુ પાણીનો વપરાશ આમ પણ વધુ હોય છે ત્યારે પણ સેકટરોમાં અપાતા સપ્લાય સામે ૮ થી ૧૦ એમ એલ ડી ની ઘટ પ્રવર્તી હતી. અગાઉ શહેરના નવા અને જુના સેકટરોમાં સવારે અને સાંજે એમ બે તબક્કામાં સપ્લાય આપવામાં આવતો હતો. જયારે હવે શહેરના સેકટરોમાં છેલ્લા દોઢ દાયકાથી કોમન સપ્લાય આપવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતા અંધારપટ્ટથી હાલાકી

સે- ૩ સી માં ચર્ચથી બગીચા સુધીના માર્ગ વચ્ચે જ ત્રણ જેટલા થાંભલા લાંબા સમયથી બંધ હાલતમાં : સેકટરોમાં પણ કેટલાક ઠેકાણે સોસાયટીના વિસ્તારમાં પણ બંધ સ્ટ્રીટ લાઇટના લીધે રાત્રિના સમયે પુરતુ અજવાળુ પથરાતુ નથી : રીંગ રોડ પર લાઇટો બંધ રહેતા માર્ગ સલામતી સામે ખતરો

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના સેકટરોમાં વરાસાદી સિઝનની જમાવટ સાથે અનેકવિધ સમસ્યાઓ પણ મંડરાઇ છે. વરસાદી સમસ્યાઓથી જનજીવન પ્રભાવિત છે. સફાઇના અભાવ વચ્ચે ઠેર ઠેર પાણીનો ભરાવો થતા મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધ્યા છે. જેના લીધે રોગચાળાનો ખતરો મંડરાયો છે. બીજીતરફ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો પણ ઘણાં ઠેકાણે ડુલ જોવા મળે છે. જેથી સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી છે. સે- ૩ સી માં ચર્ચથી બગીચા વચ્ચે પણ સ્ટ્રીટ લાઇટના ત્રણ જેટલા થાંભલા પણ બંધ હાલતમાં છે. શહેરમાં બંધ સ્ટ્રીટ લાઇટો સંદર્ભે સર્વે હાથ ધરી સ્થાનિકોની ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

શહેરમાં હાલ વરસાદી દિવસો વચ્ચે સેકટરોમાં ઠેર ઠેર દુવિધાઓનુ દંગલ જોવા મળે છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચ્ચડ અને ગંદકી પણ ખદબદતી નજરે પડે છે. ત્યારે આંતરિક વિસ્તારમાં શેરી સફાઇની કામગીરી સાથે બિનજરૂરી વન્સ્પિત દુર કરવા માટે પણ કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે. બીજીતરફ વરસાદી મોસમે જમાવટ કરતા પાણીના ભરાવા સાથે ઠેર ઠેર મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ વધ્યા છે. જેના લીધે સેકટરોના રહેણાંક વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે આ સ્થિતિ વચ્ચે દવા છંટકાવ તેમજ પોરાનાશક કામગીરી પણ અનિવાર્ય છે. વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડે છે. ત્યારે સેકટરોમાં રીંગ રોડ તેમજ સોસયટીઓમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઇટના થાંભલા ડુલ થઇ ગયા છે. શહેરના સે- ૩ સી માં ચર્ચથી બગીચા સુધીના વિસ્તારમાં ત્રણથી ચાર સ્ટ્રીટ લાઇટના થાંભલા બંધ રહેતા રાત્રિના સમયે આ વિસ્તારમાં અંધારપટ્ટ છવાઇ જાય છે. સે- ૩ ના અન્ય વિસ્તાર સાથે સે- ૪ અને સે- ૫ માં પણ ઘણાં ઠેકાણે લાઇટો ડુલ જોવા મળે છે. અગાઉ પણ સ્થાનિકો દ્વારા સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાના મામલે રોષ વ્યકત કરીને ત્વરિત અસરથી સર્વે હાથ ધરીને ફરિયાદોનુ નિરાકરણ આવે તેવી રજુઆત પણ કરી હતી. શહેરમાં સ્ટ્રીટ લાઇટોની ફરિયાદો દુર કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

સેમીકોન ઈન્ડિયા ૨૦૨૩માં ચંદ્રયાન અને રોબોટ આકર્ષણનું કેન્દ્ર



ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 'સેમીકોન ઈન્ડિયા-૨૦૨૩' કોન્ફરન્સ અને પ્રદર્શન ચાલી રહ્યાં છે જેમાં ભારત ઉપરાંત વિવિધ દેશની સેમી કન્ડક્ટર તેમજ આઈટી કંપનીઓએ ભાગ લીધો છે. આ પ્રદર્શનમાં ભારતના ઈસરોના સ્ટોલ પર મુકવામાં આવેલા ચંદ્રયાન-૩ના મોડેલ તથા તેમાં વપરાતા ઈક્વિપમેન્ટના નમૂના મુલાકાતીઓને આકર્ષી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત સાયન્સ સિટી ખાતેની રોબોટિક્સ ગેલેરીમાં કાર્યરત રોબોટને પણ અત્રે રજુ કરાયો છે જે પણ મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓમાં જીજ્ઞાસા જગાવી રહ્યો છે. યુવા વિદ્યાર્થીઓ રોબોટ સાથે સેલ્ફી પણ લેતાં નજરે ચઢે છે.

પ્રાણી કલ્યાણ બોર્ડ અને પશુ અત્યાચાર નિવારણ સોસાયટીના તજજ્ઞોની ટીમ ઢોર ડબ્બામાં તપાસ કરશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મનપા સંચાલિત ઢોર ડબ્બાના ઉભા થયેલા વિવાદને પગલે રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ તેમજ જિલ્લા પશુ અત્યાચાર નિવારણ સોસાયટીના તજજ્ઞો દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ અંગે મનપા પાસેથી વિગતો પણ માંગવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ઢોર ડબ્બાના ઉભા થયેલા વિવાદ પછી બે વખત મેયર હિતેષ મકવાણાએ પણ આકસ્મિક તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત આ ઢોરવાડાની ત્રણ કાઉન્સીલરોએ પણ મુલાકાત લીધી હતી. સ્થાયી સમિતિના ચેરમેન અને ૧૧ કાઉન્સીલરોએ ઢોરવાડાની ગેરીતિઓની વાતોને લઈ જરૂરી કાર્યવાહી કરવા માટે કમિશનરને પત્ર પણ લખ્યો છે.

મળતી વિગતો મુજબ પ્રાણી કલ્યાણ બોર્ડ અને જિલ્લા પશુ અત્યાચાર નિવારણ સોસાયટીના તજજ્ઞોની ટીમ આગામી સપ્તાહમાં ઢોરવાડાની મુલાકાત લેશે અને તે પછી મનપાને જરૂરી કાર્યવાહી કરવા સૂચવશે.

મનપા સંચાલિત ઢોર ડબ્બામાં પશુઓની યોગ્ય સારસંભાળ તેમજ નિયમિત નિરણ નહિ અપાતુ હોવાની ફરિયાદો અગાઉ પણ જિલ્લા પશુ અત્યાચાર નિવારણ સોસાયટીની બેઠકમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી હતી અને આ પછી વારંવાર તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે મનપાને માર્ગદર્શન પણ આપવામાં આવ્યુ છે.

મનપાના ઢોર ડબ્બામાં ક્ષમતા કરતાં વધુ પશુઓ છે હાલ ૧૨૦૦થી વધુ પશુઓ ત્યાં છે. ત્યાં પશુની આયુ ખોટી દર્શાવી દંડનીય કાર્યવાહીમાં લેતી દેતીના આક્ષેપો પણ થયા છે.

બંગલો વેચવાનો છે

પ્લોટ-૬૦૦ વાર, કોબા કમલમ્‌ની પાછળ, ગાંધીનગર

સંપર્ક
99243 55359
88669 40745

જિલ્લામાં દિવસ દરમ્યાન હળવા વરસાદી ઝાપટાઓ વરસતાં વાતાવરણમાં પલ્ટો

૩જી ઓગષ્ટ સુધી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આજે દિવસના સવારે ૬ થી રાત્રિના ૮ દરમ્યાન સાર્વત્રિક હળવા વરસાદી ઝાપટા નોંધાયા છે.

સવારે ૬ થી રાત્રિના ૮ સુધીમાં માણસા અને ગાંધીનગર તાલુકામાં અર્ધો ઈંચ વરસાદ નોંધાયો છે જ્યારે કલોલ અને દહેગામમાં હળવા વરસાદી ઝાપટા નોંધાયા છે.

જિલ્લા કંટ્રોલરૂમના જણાવ્યા પ્રમાણે માણસામાં ૧૪ મી.મી., ગાંધીનગરમાં ૧૩ મી.મી., કલોલમાં ૪ મી.મી. અને દહેગામમાં ૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ૩જી ઓગષ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. છુટા છવાયા સ્થાનો પર ગાજવીજ સાથે વરસાદ થશે તેમ પણ આગાહીમાં જણાવાયુ છે.

જિલ્લામાં આજે સવારના ૬ વાગ્યા સુધીમાં સરેરાશ વરસાદ ૩૯૧ મી.મી. નોંધાયો છે. જે ટકાવારીમાં જોઈએ તો ૫૦.૨૬ ટકા જેટલો થાય છે. જિલ્લામાં આ વખતે બિપરજોય વાવાઝોડા પછી તુરત જ ચોમાસુ નિયમિત સમયે જ બેસી જતાં જિલ્લાના ખેડૂતોમાં ખુશીની લ્હેર જોવા મળી રહી છે.

આજે સવારે ૬ વાગ્યા સુધીમાં જિલ્લાના દહેગામ તાલુકામાં ૫૨૫ મી.મી., ગાંધીનગરમાં ૩૪૬ મી.મી., કલોલમાં ૨૩૪ મી.મી., માણસામાં ૪૫૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ચોમાસાની મોસમ દરમ્યાન સરેરાશ ૭૭૭ મી.મી. વરસાદ નોંધાયો હોય છે. આ વખતે વરસાદે આરંભથી જ આક્રમક

સવારે ૬ થી રાત્રિના ૮ સુધીમાં માણસા અને ગાંધીનગર તાલુકામાં અર્ધો ઈંચ વરસાદ નોંધાયો : જિલ્લામાં ચોમાસાની મોસમ દરમ્યાન સરેરાશ ૭૭૭ મી.મી. વરસાદ નોંધાયો

શરૂઆત કરી છે અને અત્યાર સુધીમાં સિઝનનો ૫૦ ટકા વરસાદ થઈ ચુક્યો છે.

ખરીફ વાવેતરની કામગીરી ખેડૂતોએ વેગીલી કરી છે. આ વરસાદને કારણે રવિ સીઝન પણ સારી જશે તેમ ખેડૂતો માની રહ્યા છે. આ વખતે સમયસરનું ચોમાસુ છે અને વરસાદની પેટર્નમાં થયેલ બદલાવને કારણે જિલ્લાની ત્રણેય નદીઓ બે કાંઠે વહી રહી છે. ભૂગર્ભ જળની સપાટીમાં પણ સુધારો થશે તેમ મનાઈ રહ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com